# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-11-2022** **Midday : 1.20 to 1.30**
**Day:-Friday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આબોહવા પરિવર્તન તથા કોવિડના કારણે ઊભા થયેલા પડકારોનો સામનો કરવા, વિશ્વ સમુદાયને આહ્વાન કર્યું છે.
- નવી દિલ્હીમાં અહોમ જનરલ લચિતની 400મી જન્મજયંતિની ઉજવણીનું સમાપન..
- ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કાને માંડ અઠવાડિયું બાકી છે, ત્યારે ચૂંટણી પ્રચાર પરાકાષ્ટાએ પહોંચ્યો છે..
- ભારત અને અખાતી સહકાર પરિષદે મુક્ત વેપાર સમજૂતી માટેની મંત્રણા ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.
- કતારમાં રમાઈ રહેલી વિશ્વકપ ફુટબોલ સ્પર્ધામાં આજે રમાનારી મેચોમાં વેલ્સ અને ઈરાન વચ્ચે, બીજી મેચમાં કતાર અને સેનેગલ વચ્ચે જ્યારે ત્રીજી મેચમાં નેધરલેન્ડ્સ અને ઈક્વાડોર વચ્ચે મુકાબલા થશે.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# RAJNATH-IPRD

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિશ્વ સમુદાયને આબોહવા પરિવર્તન, કોવિડ રોગચાળાના કારણે ઊભા થયેલા પડકારોનો સામનો કરવા, સાથે મળીને કામ કરવા માટે આહ્વાન કર્યું છે.

તેઓ નવી દિલ્હીમાં હિંદ-પ્રશાંત પ્રાદેશિક મંત્રણા-2022ને સંબોધી રહ્યા હતા.

સંરક્ષણ મંત્રી એ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વિશ્વ સમુદાય સાચા અર્થમાં સાથે મળીને સલામતી ક્ષેત્ર માટે કામગીરી કરશે ત્યારે જ લાભદાયક વૈશ્વિક વ્યવસ્થાનું નિર્માણ કરી શકાશે.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું છે કે, ભારત-પ્રશાંત ક્ષેત્ર વૈશ્વિક સમુદાયના આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે, આ હિંદ-પ્રશાંત વિસ્તારમાંથી પસાર થતા સૈકાઓ જૂના જળ માર્ગોના કારણે વૈશ્વિક વેપાર વધારવામાં મદદ મળી છે.

શ્રી રાજનાથસિંહે હિંદ પ્રશાંત વિસ્તારના સંદર્ભમાં આશિયાન કેન્દ્રમાં હોવાની બાબત ઉપર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું કે, ભારત બહુપક્ષીય નીતિમાં વિશ્વાસ ધરાવે છે અને આ બાબતો લાગતા વળગતાઓને સાથે લઈને કામગીરી કરવાથી શક્ય બનશે.

---

# LACHIT BARPHUKAN- PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, દેશનો ઈતિહાસ ગુલામીની ગાથા નથી પરંતુ તે શૌર્ય, બલિદાન અને વીરતાનો ઈતિહાસ છે.

નવી દિલ્હીમાં લચિત બરફૂકનની 400મી જન્મજયંતિની ઉજવણીના સમાપન સમારોહને સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે, લચિત બરફૂકને તેમના કાર્યો દ્વારા લોકોને દેશભક્તિ શીખવી છે.. લચિત બરફૂકન દેશના મહાન યોદ્ધા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલે લચિત બરફૂકનને હિંમતના પ્રતીક ગણાવ્યા હતા.

આ અગાઉ પ્રધાનમંત્રીએ લચિત બરફૂકન અંગેનું પ્રદર્શન નિહાળ્યું હતું.

ગઇકાલે નવી દિલ્હીમાં અહોમ જનરલ લચિત બરફૂકનની 400મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેતા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉત્તર પૂર્વ ભારત અંગેની નીતિના કારણે ઈશાન ભારતમાં શાંતિ સ્થાપિત થઈ છે. શ્રી શાહે લચિત અંગેની એક દસ્તાવેજી ફિલ્મને જાહેર કરી હતી.

ઉલ્લેખનિય છે કે, લચિત બરફૂકન આસામના અહોમ રજવાડાની રોયલ આર્મીના પ્રખ્યાત જનરલ હતા, જેમણે મુઘલોને હરાવ્યા હતા અને ઔરંગઝેબની રાજ્ય વિસ્તરણની મહત્વાકાંક્ષાઓને અટકાવી હતી.

---

# GUJARAT- ELECTION CAMPAIGN

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચુંટણી આડે હવે માંડ અઠવાડિયું બાકી છે ત્યારે જાહેર ચૂંટણી પ્રચાર પરાકાષ્ટાએ પહોંચ્યો છે. પ્રથમ તબક્કાની 89 બેઠકો માટે પહેલી ડિસેમ્બરે મતદાનને હવે માત્ર છ દિવસ બાકી છે.

પ્રથમ તબક્કાના મતદાન માટે બંને મુખ્ય પક્ષો ભાજપ અને કોંગ્રેસ સહિત 39 રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારો ઉભા રાખ્યા છે. આ તબક્કા માટે 788 ઉમેદવારો મેદાનમાં છે. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના તમામ 89 બેઠકો પર ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે આમ આદમી પાર્ટીના 88 ઉમેદવારો છે.

આ સિવાય બહુજન સમાજ પાર્ટીના 57, માર્ક્સવાદી પાર્ટીના ચાર, અને સામ્યવાદી પાર્ટીના બે ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં 70 મહિલાઓ સહિત 339 અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે નવ મહિલા, કોંગ્રેસે છ, આમ આદમી પાર્ટીએ પાંચ અને બહુજન સમાજ પાર્ટીએ આઠ મહિલાઓને ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે.

આ ઉપરાંત 35 મહિલાઓ અપક્ષ તરીકે ચૂંટણી લડી રહી છે. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના 19 જિલ્લાઓમાં મતદાન થવાનું છે.

કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી પૂર્વે ગઠબંધન કર્યું છે. ભાજપના અગ્રણી ઉમેદવારોમાં ભૂપેન્દ્ર પટેલ, રિવાબા જાડેજા, હૃષિકેશ પટેલ, જીતુ વાઘાણી, હર્ષ સંઘવી, કનુ દેસાઈ, કિરીટસિંહ રાણા, પૂર્ણેશ મોદી, હાર્દિક પટેલ વગેરે છે..

તો કોંગ્રેસના ઉમેદવારોમાં અર્જુન મોઢવાડિયા, ભરત વી. સોલંકી, જિજ્ઞેશ મેવાણી, કનુભાઈ કળસરિયા, અને આમ આદમી પાર્ટીએ ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠિયા, અલ્પેશ કથીરિયા વગેરેને મેદાનમાં ઉતાર્યા છે.

તમામ રાજકીય પક્ષો પોતાની જીતના દાવા કરી રહ્યા છે ત્યારે જનતા કોની તરફેણમાં મતદાન કરે છે તે તો આઠમી ડિસેમ્બરે આવનારા પરિણામોમાં જ ખબર પડશે. હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીની મતગણતરી એક સાથે જ થવાની છે.

---

# VP-HACKATHON- 2022

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ઉત્તરપ્રદેશના ગૌતમ બુદ્ધનગર ખાતે યુનેસ્કો-ઈન્ડિયા આફ્રિકા-હેકાથોનના સમાપન સત્રને સંબોધિત કરશે.

આ હેકાથોનનો આ મહિનાની 22 તારીખે આરંભ થયો હતો. આ વાર્ષિક કાર્યક્રમ ભારત અને તેના આફ્રિકન ભાગીદારો વચ્ચેના ગાઢ સંબંધોનું પ્રતીક છે અને સાથે મળીને સમાન પડકારોનો સામનો કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

હેકાથોન યુવા સંશોધકોને સામાજિક, પર્યાવરણીય અને તકનીકી સમસ્યાઓ હલ કરવાની તક પૂરી પાડે છે.

આ હેકથોન ભાગ લેનાર વિદ્યાર્થીઓને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વૈશ્વિક વ્યાપાર સમસ્યાઓ ઉકેલવા માટે નવી ટેકનોલોજી લાગુ કરવાની તક આપે છે અને સક્ષમ સ્ટાર્ટઅપ સાહસો માટે આધાર પૂરો પાડે છે.

---

# INDIA GULF- FTA

ભારત અને અખાતી સહકાર પરિષદ – GCC એ મુક્ત વેપાર સમજૂતી માટેની મંત્રણા ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ મંત્રણા શરૂ કરવા માટેની જરૂરી કાનુની અને ટેકનિકલ જરૂરીયાતો પૂર્ણ કરવા બંને પક્ષો સંમત થયા છે.

વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલે જણાવ્યું છે કે, સુચિત મુક્ત વેપાર સમજૂતી વેપારના વિવિધ મુદ્દાઓને આવરી લેતી સર્વગ્રાહી આર્થિક સહકાર સમજુતી હશે.

શ્રી ગોયલે કહ્યું કે, ભારતના વધુ વેપાર ધરાવતા ભાગીદાર ઘટકોમાં GCCનો સમાવેશ થાય છે. વર્ષ 2021-22માં બંને પક્ષો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 154 અબજ અમેરિકી ડોલરનો હતો. તેમણે કહ્યું કે, GCC દેશો ભારતની ખનીજ તેલની આયાતમાં 35 ટકા અને કુદરતી વાયુની આયાતમાં 70 ટકા હિસ્સો ધરાવે છે.

GCCના મહામંત્રી ડૉ.નયેફ ફલાહ એમ અલ-હજરફે જણાવ્યું કે, GCC અને ભારત વેપાર ક્ષેત્રના સંબંધો વધુ ઉચ્ચસ્તરે લઈ જવા પ્રતિબદ્ધ છે.

---

# FIFA

કતારમાં રમાઈ રહેલી વિશ્વકપ ફુટબોલ સ્પર્ધામાં આજે રમાનારી મેચોમાં વેલ્સ અને ઈરાન વચ્ચે, બીજી મેચમાં કતાર અને સેનેગલ વચ્ચે જ્યારે ત્રીજી મેચમાં નેધરલેન્ડ્સ અને ઈક્વાડોર મુકાબલા થશે.

દરમિયાન ગઈકાલે રમાયેલી લીગ મેચમાં પોર્ટુગલે ઘાના સામે 3-2થી વિજય મેળવ્યો છે.

પોર્ટુગલના સુકાની ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ગઈકાલની આ મેચમાં ગોલ કરીને ઈતિહાસ સર્જ્યો છે. ગઈકાલની મેચમાં ગોલ કરવા સાથે 2006થી 2022 સુધીની પાંચ વિશ્વકપ ફુટબોલ સ્પર્ધામાં ગોલ કરનાર તે પ્રથમ ફુટબોલ ખેલાડી બન્યો છે.

ગઈકાલે રમાયેલી બીજી મેચમાં બ્રાઝિલે સર્બિયાને 2-0થી પરાજય આપ્યો છે. જ્યારે ઉરુગ્વે અને દક્ષિણ કોરિયા વચ્ચેની મેચ એક પણ ગોલ વિના ડ્રો થઈ છે.

ગઈકાલે રમાયેલી અન્ય મેચમાં સ્વિત્ઝરલેન્ડે કેમેરુનને 1-0થી પરાજય આપ્યો છે.

---

# RAJASTHAN-FIRING

રાજસ્થાનના ભિલવાડા જિલ્લામાં બનેલી ગોળીબારની ઘટનાના પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા સલામતીની સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

ગઈકાલે સાંજના 7 વાગ્યાથી 48 કલાક સુધી સંપૂર્ણ જિલ્લામાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ કરાઈ છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે, કોટવાલી પોલીસ મથકના જે વિસ્તારમાં ગોળીબારનો બનાવ બન્યો છે, ત્યાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. ઉલ્લેખનિય છે કે, આ બનાવમાં એક યુવાનનું મોત નિપજ્યું છે અને અન્યને ઈજા થઈ છે.

---

# CONRAD K SANGMA-AMIT SHAH

મેઘાલય સરકારે મુક્રોહ ગામમાં થયેલી ગોળીબારની ઘટના અંગે CBI કે NIA દ્વારા તપાસ કરવા કેન્દ્ર સરકારને વિનંતી કરી છે. મેઘાલય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

દરમિયાન મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાએ તેમના મંત્રીમંડળના સભ્યો સાથે ગઇકાલે સાંજે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી ગોળીબારની આ ઘટના અંગે માહિતી આપીને કેન્દ્રીય તપાસ સંસ્થા દ્વારા તપાસ કરાવવાની રજૂઆત કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીએ મેઘાલયના પ્રતિનિધિ મંડળની રજૂઆત સાંભળ્યા બાદ કેન્દ્રીય એજન્સી દ્વારા તપાસ કરાવવાનું આશ્વાસન આપ્યું છે.

---